APPENDIX VI

STUDY HABITS SCALE

# અભ્યાસ અંગેની ટેવો

સંશોધક : ડૉ. એ. એસ. પટેલ

---

## —: સૂચના :—

(૧) સામાન્ય રીતે દરેક વિદ્યાર્થીને અભ્યાસ કરવા અંગેની વિવિધ પ્રકારની ટેવો હોય છે. કેટલાક નિયમિત અભ્યાસ કરે છે, જ્યારે કેટલાક અનિયમિત અભ્યાસ કરે છે. કોઈ અમુક રીતે વાંચે છે, તો કોઇ બીજી જ રીતે વાંચે છે. આ સાથે આપેલાં વિધાનો તમારી અભ્યાસ કરવાની ટેવ કે પદ્ધતિનું વર્ણન કરે છે. આ પ્રકારની ટેવો જાણવાના હેતુથી પાછળ અનેક પ્રસંગોને આવી લેતાં જુદાં જુદાં વિધાનો આપવામાં આવેલાં છે. તમારે પ્રત્યેક વિધાન પર પૂરતો વિચાર કરવાનો છે અને તે વિધાન તમને પોતાને લાગુ પડે છે કે નહિ તે નક્કી કરવાનું છે.

(૨) પ્રત્યેક વિધાન સામે કૌંસ આપેલા છે. જે વિધાન તમને લાગુ પડતાં હોય અથવા જે સાથે તમે સંમત થતા હો તેટલાંજ વિધાનો પાછળ આપેલા કૌંસમાં આવું ( ✓ ) નિશાન કરો. તમને લાગુ ન પડતાં હોય અથવા જે સાથે તમે સંમત ન થતા હો તેવાં વિધાનો પાછળ આવું ( × ) નિશાન કરો. દરેક વિધાન અંગે તમારું વલણ દર્શાવો.

(૩) વ્યક્તિને સમજીને મદદગાર થઇ શકાય એ હેતુથીજ આ વિધાનો તૈયાર કરવામાં આવ્યાં છે, તેમાં બીજો કોઇ હેતુ નથી. વિનંતિ છે કે આપ ચોક્કસ રીતે વિના ક્ષોભે તમને લાગુ પડતા જવાબ દર્શાવશો. બધી વિગત ખાનગી રહેશે તેની ખાત્રી આપવામાં આવે છે.

(૪) તમારે શું કરવાનું છે તે બાબતની હજુ કાંઇ શંકા રહેતી હોય તો કામ શરૂ કરતાં પહેલાં પૂછી લો.

હવે શરૂ કરો.

---

CASE

Faculty of Education and Psychology

**M. S. UNIVERSITY OF BARODA**

**BARODA**

(૧) હું મોટેથી વાંચું તો જ મને યાદ રહે છે. ... ... ... ( )

(૨) મને સૂતાં સૂતાં વાંચવાનું ફાવે છે. ... ... ... ... ( )

(૩) હું જોડણી માટે અને નવા શબ્દોના અર્થ માટે શબ્દકોશનો ઉપયોગ કરું છું. ... ( )

(૪) વહેલા ઊઠવા કરતાં મોડી રાત સુધી અભ્યાસ કરવાનું હું વધુ પસંદ કરું છું.... ( )

(૫) ઘેર કે પુસ્તકાલયમાં મુકરર જગ્યાએ જ અભ્યાસ કરવાનું મને ગમે છે. ગમે ત્યાં અભ્યાસ કરવાનું મને ફાવતું નથી. ... ... ... ( )

(૬) વાંચવામાં હું બહુ ધીમો છું એમ મને લાગે છે. ... ... ... ( )

(૭) ગૃહકાર્ય કરતી વખતે મને રેડિયો વગાડવો ગમે છે. ... ... ( )

(૮) બીજાઓ સાથે અભ્યાસ કરવા કરતાં એકલા જ અભ્યાસ કરવાનું હું વધુ પસંદ કરું છું. ... ... ... ... ... ... ( )

(૯) ઇતર વાંચન કે ઇતર પ્રવૃત્તિઓ આડે આવે છે એમ હું માનું છું અને તેથી અભ્યાસ સિવાય બીજામાં ભાગ લેતો નથી. ... ... ... ( )

(૧૦) પાઠ્યપુસ્તકોના ઊંડા અભ્યાસ કરતાં વિવરણોમાંથી જલદી ખુલાસા મેળવવાનું મને વધુ પસંદ છે. ... ... ... ... .. ( )

(૧૧) નિયમિત વાંચતો હોવા છતાં પરીક્ષાની છેક છેલ્લી ઘડી સુધી વાંચવાની અથવા મુખ્ય મુદ્દાઓ જોઇ જવાની મને ટેવ છે. .... ... ... ( )

(૧૨) મને મનમાં વાંચવું ગમે છે. ... ... ... ... ( )

(૧૩) મને ઇતર વાંચન મોટે ભાગે ગમે છે. ... ... ... ( )

(૧૪) સામયિક કે દૈનિક સમાચાર પત્રો નિયમિત વાંચવાની મને ટેવ છે. ... ( )

(૧૫) હું જે વાંચું છું તેમાં મને સમજણ પડે છે, પણ યાદ રહેતું નથી. .... ( )

(૧૬) મારો અભ્યાસ પુષ્કળ અનિયમિત અને યોજના વગર થાય છે અને તેથી મુશ્કેલી પડે છે, એમ મને લાગે છે. ... ... ... ... ( )

(૧૭) વર્ગમાં જે શીખવાય તેની હું હંમેશાં નોંધ લઉં છું. ... ... ( )

(૧૮) શિક્ષક જ્યારે પાટિયા પર આકૃતિઓ, ચિત્રો, કોઠાઓ વગેરે દોરે છે, ત્યારે હું તે દોરી લઉં છું. ... ... ... .. ( )

(૧૯) વાંચતી વખતે અગત્યના મુદ્દાઓ તારવીને નોંધી રાખવાની મને ટેવ છે. ... ( )

(૨૦) હું નિયમિત રીતે મારું ગૃહકાર્ય કરું છું. .... ... ... ( )

(૨૧) અભ્યાસમાં જે સમય ગાળું છું તેના પ્રમાણમાં કામ ઓછું થાય છે. ...

(૨૨) વર્ગની અંદર દરેક વિષયમાં રોજ જે શીખવવામાં આવે છે, તેનો અગાઉથી ઘેર અભ્યાસ કરીને હું શાળામાં જાઉં છું. ... ... ... ( )

(૨૩) વર્ગમાં મને જે કંઇ સમજાતું નથી, તેનો તુરતજ ખુલાસો મેળવવા મને શિક્ષક પાસે જવું ગમે છે. ... ... ... ... ( )

(૨૪) કેટલાક શિક્ષકો તેમજ વિષયો પ્રત્યે અરુચિને લઇને મારાથી શાળાના અભ્યાસમાં પ્રગતિ થઇ શકતી નથી. ... ... ... ... ( )

(૨૫) લખવામાં હું બહુ ધીમો છું, એમ મને લાગે છે. ... ... ... ( )

(૨૬) હું દરેક વિષયોની નોટ વ્યવસ્થિત ક્રમમાં કાળજીપૂર્વક રાખું છું. ... ( )

(૨૭) મારા જવાબપત્રો અને ગૃહકાર્યોમાં શિક્ષકે જે ભૂલો કાઢી હોય તે સુધારવાની કે વિચારવાની કદી તસ્દી લીધા વિના હું મૂકી રાખું છું. ... ... ( )

(૨૮) સોંપેલું કામ (ગૃહકાર્ય) મુલતવી રાખીને છેક છેલ્લી ઘડીએ તૈયાર કરવાની મને ટેવ પડી ગઇ છે. .... ... ... ... ( )

(૨૯) પરીક્ષા નજીક આવે ત્યારે જ હું અભ્યાસ કરું છું. ... ... ... ( )

(૩૦) ગઇ પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો બાદ કરીને અમુક જ બાબતો અને પ્રશ્નો તૈયાર કરું છું. .... .... .... .... ... ( )

(૩૧) પરીક્ષાના પ્રશ્નોના જવાબ લખતાં પહેલાં જવાબના મુદ્દા વિચારી નોંધી રાખું છું. ( )

(૩૨) પરીક્ષા સમયે જવાબ લખતી વખતે હું વિગતોને પ્રશ્નની અગત્યતા, પ્રશ્નોના વિવિધ પાસાની રજૂઆત અને ઉપસંહાર વગેરે ક્રમમાં મૂકું છું. ... ( )

(૩૩) પરીક્ષા વખતે અગત્યના પ્રશ્નો અને સૂચનો મળતાં હોવાથી હું નિયમિત અભ્યાસ કરવાને બદલે સૂચનો ઉપર વધુ ધ્યાન આપું છું. ... ... ... ( )

(૩૪) પરીક્ષામાં બધા જ પ્રશ્નો લખાઈ જાય અને જોઇ જવાય એ પ્રમાણે સમયની ગણતરી મારાથી થતી નથી. .... ... ... ... ( )

(૩૫) પરીક્ષાના સમયમાં હું ગભરાઈ જાઉં છું. ... .... ... ( )

(૩૬) હું જે વાંચું છું તેના ઉપર જલદી એકાગ્ર થઇ શકતો નથી. ... ... ( )

(૩૭) વર્ગમાં જે કંઈ શીખવવામાં આવે છે તે પ્રત્યે હું બરાબર ધ્યાન આપું છું. ... ( )

(૩૮) વિષયોની ચર્ચા દ્વારા મને અભ્યાસ કરવાનું ગમે છે. ... ... ( )

(૩૯) મારા અભ્યાસનો ઘણો વખત બહારના ટયુશન વર્ગોમાં હું ગાળું છું, તેથી વર્ગમાં જે શીખવાય છે તેના ઉપર ધ્યાન હું આપતો નથી. ... .... ... ( )

(૪૦) અભ્યાસ કરતી વખતે બીજા સાથમાં હોય તો જ હું સારી રીતે અભ્યાસ કરી શકું છું. ... ... ... ... ... ( )

(૪૧) ફાજલ સમયમાં અભ્યાસ કરવાને બદલે મને ફરવાનું કે મિત્રો સાથે વાતો કરવાનું ગમે છે. ... .... ... ... ... ( )

(૪૨) મારે ઘેર અભ્યાસ કરવાની પૂરતી સગવડ નથી. ... ... ... ( )

(૪૩) મારામાં થાક, બેચેની અને ઊંઘ એટલા વધારે પ્રમાણમાં છે કે હું કાર્યક્ષમતાથી અભ્યાસ કરી શકતો નથી. ... ... ... ... ( )

(૪૪) લખાણમાં મારા વિચારો દર્શાવવાની મુશ્કેલીને લીધે નિબંધ અને પરીક્ષામાં હું પાછળ રહી જાઉં છું. ... ... ... ... ( )

(૪૫) અભ્યાસ કરતી વખતે મને ઇતર વિચારો કે દિવાસ્વપ્નો આવે છે. ... ( )

(૪૬) કેટલાક પિરીયડમાં મને એવો કંટાળો આવે છે કે હું શિક્ષકને સાંભળવાને બદલે તે સમય ચિત્રો દોરવામાં, પત્રો લખવામાં અથવા તરંગોમાં પસાર કરું છું... ( )

(૪૭) મારા અભ્યાસ અંગેના બધા પુસ્તકો તેમજ તે સંબંધી જરૂરીયાતનાં પૂરતાં સાધનો નહીં હોવાથી મને મુશ્કેલી પડે છે. ... ... ... ( )

(૪૮) મારી નબળી આંખો અથવા નાદુરસ્ત તબીયત અભ્યાસમાં આડે આવે છે. ... ( )

(૪૯) ભણવાનું કે અભ્યાસ કરવાનું મને નીરસ લાગે છે. ... ... ... ( )

(૫૦) મારો શાળાનો અભ્યાસ હું ચોક્કસ ધ્યેયની પ્રાપ્તિ માટે કરું છું. અને તે મારી દૃષ્ટિ સમક્ષ રહે છે. ... ... ... ... ( )

**નામ ( વિદ્યાર્થી/વિદ્યાર્થિની )** **ઉંમર**

**શાળા / કોલેજનું નામ** **વર્ગ**

**સરનામું**